## ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, ઉદ્યોગભવન, ગાંધીનગર

તા.૦૩-૧૦-૨૦૧૮

ભરૂચ ખાતેના નિગમના અટાલી રહેણાંક વસાહતમાં નવીન કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના માટે ટોકન દરથી જમીન ફાળવવા નિયામક મંડળની સભાનો મહત્વપૂર્ણ નિર્ણય.

ગાંધીનગર : તા.૨૧ ઓગષ્ટ ૨૦૧૮ના રોજ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના અધ્યક્ષશ્રી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષ સ્થાને યોજાયેલ નિયામક મંડળની સભામાં ભરૂચ જિલ્લામાં નિગમની અટાલી રહેણાંક વસાહત ખાતે નવીન કેન્દ્રીય વિદ્યાલય સ્થાપવા અર્થે જમીન ટોકન દરથી ફાળવવાનો મહત્વનો નિર્ણય જાહેરહિતમાં લેવાયેલ છે.

નિગમ દ્વારા ભરૂચ જિલ્લામાં દહેજ -૧, ૨ અને ૩ વસાહતોનો સમયાંતરે વિકાસ થયેલ છે, જેમાં ઘણાં ઔદ્યોગિક એકમો કાર્યરત છે. ઔદ્યોગિક એકમોમાં કાર્યરત માનવબળને તેઓના કાર્યસ્થળની નજીક રહેણાંક સુવિધાઓ પૂરી પાડી શકાય તે અર્થે નિગમ દ્વારા વસાહતોમાં રહેણાંક પ્લોટો ફાળવવાની નીતિ અમલમાં છે. રહેણાંક વિસ્તારોમાં વસવાટ કરતાં લોકો સામાજીક સુવિધાઓથી વંચિત ન રહી જાય તે માટે નિગમ દ્વારા વિવિધ આનુષાંગિક સેવાઓ જેવી કે શાળા, પોસ્ટઓફીસ, પોલીસ સ્ટેશન, હોસ્પિટલ તથા અન્ય સેવાઓ માટે જમીનની ફાળવણી કરવામાં આવે છે. નિગમની હયાત નીતિના ભાગરૂપે કેન્દ્રીય વિદ્યાલય માટે ટોકન દરે જમીન ફાળવવાનો આ નિર્ણય કરવામાં આવ્યો છે.

કેન્દ્રીય વિદ્યાલય સંગઠનને અંદાજીત ૨૭૬૮૦ ચો.મી. જમીન માત્ર રૂ.૧/- ચો.મી.ના ટોકન દરે ફાળવવા નિર્ણય કરવામાં આવેલ છે. નિગમની હયાત નીતિ અનુસાર આ જમીનની કિંમત રૂ.૬.૪૭ કરોડ જેટલી થાય છે, જે માત્ર

રૂ.૧/- ચો.મી.ના ટોકન દરે કેન્દ્રીય વિદ્યાલયની સ્થાપના અર્થે ફાળવવા અંગેનો જાહેરહિતમાં નિર્ણય કરવામાં આવેલ છે.

ઉપરોક્ત વિદ્યાલયની સ્થાપના થવાથી અટાલી રહેણાંકના બાળકોને અને ખાસ ઔદ્યોગિક વિસ્તારમાં કાર્યરત નાના અને મધ્યમ વર્ગીય પરિવારોને ઉત્તમ શિક્ષણની સવલત મળશે, ભવિષ્યમાં આ એકમોને ઉચ્ચ કૌશલ્યવર્ધીત માનવબળ મળશે અને શૈક્ષણિક સંકુલોના અભાવે ભણતર છોડી દેનાર વિદ્યાર્થીઓની સંખ્યા ઘટશે. નિગમના ચેરમેનશ્રી બલવંતસિંહ રાજપૂત તેમજ નિયામક મંડળની સભાએ ઔદ્યોગિક વિકાસની સાથે સાથે સામાજીક વિકાસની નિગમની નીતિને ધ્યાને લઈ આ લોકોપયોગી ઉમદા નિર્ણય નિયામક મંડળ દ્વારા લેવામાં આવેલ છે.